ફોજ.ઈન્ક.નં.૧૪/૨૦૨૫

**– :: ફરિયાદીની આંક–૦૧ ની અરજી લગત હુકમ :: –**

હાલની ફરિયાદ દાખલ થતા ફરિયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ પુરાવાનું સોગંદનામુ ધ્યાને લેતાં આ કામે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **SUO MOTU WRIT PETITION (CRL.) NO.** 02 2020, **DATED** 16/04/2021 ના રોજ આપવામાં આવેલ હુકમ મુજબની પેરા–૨૪ ની ગાઇડલાઇન મુજબ ફરિયાદના અનુસંધાને ફરિયાદ દ્વારા હાલની ફરિયાદ અરજીના કામે, સોગંદનામું રજુ રાખવામાં આવેલું જે સોગંદનામું વંચાણે લેતા ફરિયાદ મુજબની હકીકતો જણાવવામાં આવેલી અને આ કામના આરોપી સાથે તેમને કાયદેસરનો વ્યવહાર હોવાની હકીકતો જણાવેલી છે. જે પ્રથમ દર્શનિય રીતે ઉચિત હોવાનું જણાઇ આવે છે. આ કામે ફરિયાદની સાથે રજુ થયેલા દસ્તાવેજો જોતા વટાઉખત અધિનિયમની કલમ–૧૪૨(૨) વંચાણે લેતાં અત્રેની કોર્ટને ઉપરોક્ત ફરિયાદ લગત કોગ્નીજન્સ (સંજ્ઞાન) લેવાની હકુમત રહેલી છે. વધુમાં, ઉપર જણાવેલ નામદાર સુપ્રિમ કોર્ટના હુકમની ગાઇડલાઇન મુજબ ફરિયાદ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૦/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૩ મુજબ દાખલ થતા જો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૨/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૫ મુજબ કોર્ટને સફિસીયન્ટ કોઝ (યોગ્ય કારણ) જણાય આવે તો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૪/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૭ મુજબ આરોપીની સામે સમન્સ કાઢી શકાય અને જો કોર્ટને યોગ્ય કારણ ન જણાય આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૩/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૬ હેઠળ ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ કરી શકે તથા **નામદાર સુપ્રિમ કોર્ટના સુઓમોટો રીટ MISC.APPL.NO.** 665/2021 **IN SMW(C) NO.** 03/2020 ધ્યાને લેતાં, હાલની ફરિયાદ, ફરિયાદની સાથે રજૂ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની સાથે રજુ થયેલા તમામ દસ્તાવેજો તથા હાલની ઈન્કવાયરીના તબક્કે રજુ રાખવામાં આવેલ સોગંદનામાની હકીકતો જોતા એન.આઇ.એકટ કાયદામાં એક ખાસ પ્રક્રિયા નિર્ધારીત કરવામાં આવી છે અને સ્પેશીયલ એકટ હોય તેમા કોર્ટને કોગ્નીઝેશન લેવા અને પ્રોસેસ ઇસ્યુ કરવા પ્રોસીઝરની જોગવાઇ કરવામાં આવી છે. આ તબક્કે, બી.એન.એસ.એસ. કલમ ૫ સાથે વંચાણે લેતાં એન.આઇ. એકટ હેઠળનો કાયદો ખાસ સ્પેશીયલ હોય જેથી બી.એન.એસ.એસ.ની કલમ ૨૨૩ ની જોગવાઇમાં ઉલ્લેખ થયા મુજબ પ્રોસેસ ઇસ્યુ કરતા પહેલા એન.આઇ.એકટ કલમ ૧૩૮ હેઠળની ફરિયાદના કામે આરોપીને સાંભળવા જરૂરી નથી અને બી.એન.એસ.એસ.ની કલમ ૨૨૩ એન.આઇ.એકટ કલમ ૧૩૮ ની ફરિયાદના કામે લાગુ પડશે નહી જેથી ફરિયાદ અરજીના કામે આરોપીને પ્રોસેસ ઇસ્યુ કરતા પહેલા સાંભળવા જરૂરી જણાતુ નથી તથા વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ તથા ૧૪૨(૨) મુજબ આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે તથા સાથે–સાથે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૨ તથા ૨૦૪/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૫ તથા ૨૨૭ વંચાણે લેતા હાલની ફરિયાદના કામે દર્શાવેલ આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૦૪/ બી.એન.એસ.એસ. કલમ ૨૨૭ હેઠળ પ્રોસેસ ઇસ્યુ કરવા ન્યાયોચિત્ત જણાતુ હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

હાલની ઈન્કવાયરી ફોજદારી કેસ તરીકે રજિસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે. વટાઉખત અધિનિયમની કલમ – ૧૩૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લઇ આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનિય ગુનો જણાતો હોય,ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૨૨૭ તથા નેગોશીયબલ, ૧૮૮૧ ની કલમ ૧૪૩ મુજબનો સમન્સ **મુદ્દત તારીખ– ૧૯/૦૫/૨૦૨૫** ના રોજનો ઇસ્યુ કરવો તેમજ આરોપીએ મુદ્દત તારીખે **રૂ.૧૫,૦૦૦/– (અંકે રુપિયા પંદર હજાર પુરા)** ના જામીન સાથે હાજર રહેવું તેવી પ્રોસેસમાં સ્પષ્ટપણે જાણ કરવી. ઉપરોક્ત હુકમ આધારે સદર ફરિયાદ અરજીને ફોજદારી કેસ નં. તરીકે રજીસ્ટરમાં અને સી.આઈ.એસ માં એન્ટ્રીકરી ધોરણ સરનો સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૧૯ , માહે : એપ્રીલ , સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૯/૦૪/૨૦૨૫.
મુકામઃ ઉપલેટા.

જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉપલેટા
GJ01442